# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન ● વર્ષ : ૧ ● અંક : ૩૮ ● તા. ૦૨ માર્ચ થી ૦૮ માર્ચ ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.




# કમલેશ વિકમશી આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સંસ્થાઓમાં પ્રતિષ્ઠિત પદોએ નિભાયા

માગના મરન સમાન હૈ,
મત કોઈ માંગો ભીખ,
માગનસે મરના ભલા,
યહ સદ્ગુરૂ કી શીખ,
આવ ગઈ, આદર ગયા,
નૈન ન ગયા સ્નેહ,
યે તે તો તબ હી ગયે,
જબ હી કહા કછુ દે

– કબીર



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણીલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તીલોકચંદ નરશી દંડ

કિર્તીકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
**Tel. 9769991922**
**9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

www.kdosamastamahajan.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ ઓગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# આવતી કાલનું ભવિષ્ય-યુવા પેઢી

જ્યારથી ભારત સરકારે ૧૮ વર્ષના યુવાનોને મતદાનનો અધિકાર આપ્યો છે. ત્યારથી યુવાપેઢીનું મહત્વ રાષ્ટ્ર નિમાર્ણના કાર્યમાં અગ્રપણે આવી ગયું છે. આગામી સરકાર કેવી હોય, કોની હોય તે નક્કી કરવાની સત યુવાના, પેઢી હાથ માં જાણે આવી ગઈ છે. પ્રથમવાર મતદાન કરનાર યુવક-યુવતી પોતાનો રોમાંચ હર્ષ છૂપો રાખી શકતા નથી. આમ પણ પ્રથમવાર જે કંઈ આપણા જીવનમાં ઘટેએ પળ, એ ઘટના, એ પ્રસંગ અવિસ્મરણીય બની રહે છે. તમે પોતે જ એ સર્વે પ્રસંગો પાછળ નિરખીને યાદ કરી જુઓ.

વ્યાક્તિગત જીવનની જેમ રાષ્ટ્ર સમક્ષ પણ ગમે તેટલા પડકાર આવે તેનો પ્રતિકાર કરવા માટે દ્રઢ નિર્ણાયક શક્તિ હોવી જોઈએ. અને સબળ આત્મવિશ્વાસ હોવો જોઈએ, આ સંકલ્પબળ માત્ર કેવળ સરકારનો નહીં. જનતાનો અને વિશેષ કરીને યુવા પેઢીનો હોય છે.

સદ્‌નસીબેભારત આજે વિશ્વમાં એક યુવાપેઢી ધરાવતો દેશ છે. જેનીથ બહુધા જન સંખ્યા યુવાન છે. આ યુવાન પેઢી ભારતની તાકાત છે. ભારતના ભવિષ્યની ભાગ્ય વિધાતા છે. વિશ્વમાં ભારતને મહાન અને અગ્રજ ભૂમિકા ભજવતો રાષ્ટ્ર બનવાની ક્ષમતા આ યુવા પેઢીને હસ્તક છે. આ પવન વેગી યુવાપેઢી હનુમાનની જેમ શક્તિવાન થઈ જાગૃત છે. જે માર્ગમાં આવતા રાજકીય આર્થિક કે ધાર્મિક અવરોધ ને હડસેલી શકવાની તાકાત ધરાવે છે. કેવળ વિકાસના ઝંડો એને સર્વોચ્ચ શિખર પર લહેરાવવો છે. જે માટેની તેની આગેકૂચ જારી છે.

યંગ ઈન્ડિયાની આજે બોલ બાલા છે. પ્રતિભાવંત વેલ એજ્યુકેટેડ બુદ્ધિધનની દેશમાંથી થતી હિજરતથી દેશને ગેરલાભ થયો છે. ને વિકાસશીલ રાષ્ટ્રોને લાભ મળ્યો છે. ધર્મ, પ્રાંત કે વિચારધારા માટે લડતી આપણા દેશની પૂજાને સાચી દોરવણી દેશની બુદ્ધિમાન યુવા પ્રતિભા જ આપી શકે છે. દેશ અને સમાજની પ્રગતિ, વિકાસ, ઉન્નતિ માટે જાગૃત થવાની જવાબદારી આજના યુવાનોની છે, આ પરિબળોનો દઢતા પૂર્વકથી સામનો તેઓ ખસૂસ કરી શકે છે.

માટે જ ભારતની યુવાની જો આળસ ખંખેરીને ઊભી થઈ જાય તો આપણા દેશ, આપણી જન્મભૂમિ સ્વર્ગાદપિ ગરિયસી થઈ જાય.

- જય જ્ઞાતિમૈયા

# કમલેશ વિકમશી આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સંસ્થાઓમાં પ્રતિષ્ઠિત પદોએ નિમાયા



WORLD METEOROLOGICAL ORGANIZATION

ગામ કચ્છ રાણપર નિવાસી હાલે મુંબઈના કમલેશ શિવજી વિકમશી જેઓ ખિમજી કુંવરજી ઓડિટર કંપનીના ડિરેક્ટર છે. તેમને યુનિસેફ (ન્યુયોર્ક)ની ઓડિટ એડવાઈઝરી કમિટીના પ્રેસિડેન્ટ અને ઓડિટ કમિટીના મેમ્બર તરીકે નિયુક્તિ થઈ છે. આ ઉપરાંત તેઓની વર્લ્ડ મીટીઓરોલીજીકલ ઓર્ગેનાઈઝેશન (WMO), જીનીવા, સ્વિટ્ઝર્લેન્ડ સંસ્થાના મેમ્બર તરીકે નિ મણૂક થઈ છે. બાળકોના કલ્યાણ માટે કાર્ય કરતી આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સંસ્થામાં નિયુક્તિ પામીને તેમણે ભારતની શાન વધારી છે. તેઓ સમસ્ત ગુજરાતી-કચ્છી સમાજના ગૌરવ સમાન છે.

શિક્ષણના પ્રસાર - પ્રચારથી જ્ઞાતિ, સમાજ અને દેશ પ્રગતિના ઉચ્ચ શિખરો સર કરી શકશે એવી દૃઢ માન્યતા ધરાવતા કમલેશભાઈ ક.દ.ઓ. જ્ઞાતિની દરેકે દરેક એજ્યુકેશનલ સંસ્થાઓને સહાય કરવા તત્પર હોય છે. આજે જ્ઞાતિએ શૈક્ષણિક ક્ષેત્રે જે નેત્રદિપક પ્રગતિ કરી છે તેમાં કમલેશભાઈની દીર્ઘ દષ્ટિનું મહત્વનું યોગદાન છે. એક અગ્રણી, અનુભવી અને કુશળ ઓડિટરની રૂએ તેઓ ઓલ ઈન્ડિયા ચાર્ટર્ડ એકાઉન્ટન્સ એસોસિએશનના પ્રેસિડન્ટ પદે પણ સેવા આપી ચૂક્યા છે.

બાળકોના શિક્ષણ અને સ્વાસ્થ્ય માટે આંતરરાષ્ટ્રીય ધોરણે કાર્યરત પ્રખ્યાત સંસ્થા 'યુનિસેફ'ના પદાધિકારીઓ પણ અભિનંદનને પાત્ર છે જેમણે કમલેશભાઈ જેવી નિષ્ણાત સી.એ. અને શિક્ષણપ્રેમી વ્યક્તિને આ ઉચ્ચ પદે નિયુક્ત કર્યા છે.

# ૪૪ દિક્ષાર્થી મુમુક્ષુઓનું ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા બહુમાન



ચીકુવાડી બોરીવલીનાં આંગણે તા. ૯ માર્ચ શનિવારથી તા. ૧૩ માર્ચ બુધવાર દરમ્યાન ભવ્ય રીતે આયોજિત દીક્ષા મહોત્સવમાં આચાર્ય ભગવંતો તથા ૬૦૦ જેટલાં શ્રવણ-શ્રવણી ભગવંતોની નિશ્રામાં ૪૪ દિક્ષાર્થી મુમુક્ષો ત્યાગ જીવન સ્વીકારશે. આ પ્રસંગે ૫૦ હજારથી વધુ ધર્મપ્રેમીઓ પધારશે.




સોમવાર તા. ૨૫ ફેબ્રુઆરી રોજે ગુજરાતના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ સામુહિક દીક્ષા લેનારા ૪૪ દીક્ષાર્થીઓનું ભાવપૂર્વક બહુમાન કર્યુ હતું.

“જૈન મુખ્ય પ્રધાન તરીકે દીક્ષા પ્રસંગમાં પધારવુંએ મારી ફરજ છે અને હું દીક્ષાધર્મનો ચાહક છું” એમ કહી દીક્ષા મહામહોત્સવમાં હાજર રહેવાના નિમંત્રણનો સ્વીકાર કર્યો હતો. વધુમાં તેઓએ જણાવ્યું હતુ ‘વિશ્વમાં ચારે બાજુ અરાજકતા છે. ત્યારે આ ત્યાગ ધર્મીઓમાં સૌને આશાનું કિરણ જણાય છે. ગુજરાતના તીર્થ ધામોને વેજેટેરિયન ઝોન બનાવવાની યોજના અને સાધુ સાધ્વીજીના વિહાર માટેની પગદંડીએ અમારી સરકારની ધર્મ ભાવના ફરજ છે’

આ પ્રસંગે પુલવામાં શહીદ થયેલા વીરજવાનોને શ્રદ્ધાંજલિ અપાઈ હતી. ઉપસ્થિત જૈન શ્રેષ્ઠીઓએ ૧૧ લાખનો ચેક મિનિસ્ટર ફંડમાં અર્પણ કર્યો હતો. કાર્યક્રમનો મુખ્ય સહભાગ અધ્યાત્મ પરિવારના હિતેશભાઈ મોતાનો રહેલ હતો.






# ભુજના શ્રી વિમલનાથ જીનાલયની ૯મી ધ્વજારોહણનો કાર્યક્રમ

ભુજના પ્રાણસમા વર્ધમાન નગર વિસ્તારના શ્રી વિમલનાથ જીનાલયની ૯મી ધ્વજારોહણ મહોત્સવનો કાર્યક્રમ તા.૧૩-૩-૨૦૧૯ બુધવારના યોજાયો છે. જે પ્રસંગે ભક્તિસભર કાર્યક્રમો યોજાશે. પ.પૂ.મુનિરાજ શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં ઉત્સવપર્વ દિવસે સવારે ૮.૩૦ કલાકે સત્તરભેદી પૂજા સાથે તમામ અશાતનાઓની શુદ્ધિ સમાન અઢાર અભિષેક કરાશે. વિધિકાર જિજ્ઞેશભાઈ સંઘવી રહેશે.

સત્તરભેદી પૂજા દરમ્યાન શુભ મુહુર્તે વિમલનાથ દાદાના શિખરે ધ્વજારોહણ કરાશે. જેના લાભાર્થી શ્રેષ્ઠીવર્ય ચિંતલભાઈ અરવિંદભાઈ વોરા પરિવાર છે. કુમારપાળ રાજાની આરતીનો ચડાવો પૂજા અને અઢાર અભિષેક દરમ્યાન બોલવામાં આવશે. બપોરે વર્ધમાન નગર શ્રીસંઘનું સ્વામિ વાત્સલ્ય. સાંજે વિમલનાથ જીનાલયનો દિવડાઓથી ભવ્ય શણગાર, જીનાલયના તમામ પ્રતિમાજીના કલાકારો દ્વારા ભવ્યાતિભવ્ય આંગી કુમારપાળ મહારાજની મહાઆરતી બાદ કલાકાર સુશિલભાઈ શાહ પાટણવાળાના સંગીતના સથવારે પ્રભુભક્તિ કરાશે. આ સર્વે ભક્તિમય ઉમટભેર સહભાગ લેવાનું નિમંત્રણ વર્ધમાન જીનાલય ટ્રસ્ટ, વર્ધમાન નગર જૈન સંઘ દ્વારા છે.

# શ્રી નાગડા ગોત્રના કુળદેવી શ્રી અંબેમાંની સમૂહ પહેડી

શ્રી નાગડા ગોત્રના કુળદેવી શ્રી અંબેમાંની સમૂહ પહેડી તા. ૩ અને ૪ જુલાઈ ૨૦૧૯, સવંત ૨૦૭૫ આષાઢ સુદ ૨ (બીજ) સ્થળ: નલિયા (કચ્છ).

કાર્યક્રમની રૂપરેખા:- બુધવાર, તા.૦૩-૦૭-૨૦૧૯ના ૧૨:૩૯ કલાકે. સિધ્ધિદાયક શ્રી સિધ્ધચક્ર મહાપૂજન પંડિત શ્રી કેવલભાઈ સાવલા અને સંગીતકાર નિશા સંઘવીના સથવારે. બપોરે ૧૨:૦૦ કલાકે સંપૂર્ણ નલિયાવાસીઓ સાથે સ્વામી વાત્સલ્ય ભોજન. પૂજન તથા સ્વામી વાત્સલ્ય ભોજનના લાભાર્થી પરિવાર માતુશ્રી દેવકાંબાઈ શિવજી લખમશી નાગડા પરિવાર હસ્તેમાતુશ્રી તારામતી લહેરચંદ શિવજી નાગડા (ઘાટકોપર-નલિયા). રાત્રે ૮:૩૦ કલાકે માતાજીની ભાવના અને આરતી નિશા સંઘવી અને સાથી કલાકારો સથવારે

ગુરૂવાર, તા.૦૪-૦૭-૨૦૧૯ના ધ્વજારોહણ અને સમૂહ પહેડી. આ પ્રસંગે નાલિયામાં નાગડા ગોત્રના અંબે માતાને નમતા સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને સહ પરિવાર પધારવા ખાસ આમંત્રણ છે.

રેલવે ટિકિટની બુકિંગ ચાર મહિના પહેલા થાય છે. ટિકિટની વ્યવસ્થા કરી લેવા નમ્ર વિનંતી. જે પણ ભાવિકો પહેડી પ્રસંગે પધારવાના છો તેઓ નીચે આપેલ સમિતિના ભાઈઓ પાસે નામ લખાવી દેવા જેથી રહેવા તથા જમવાની વ્યવસ્થા કરી શકાય. જુગલ એમ નાગડા-૮૮૬૬૯૨૬૬૬, મહેશ એસ નાગડા-૯૪૨૮૬૮૪૩૨૭, શ્રેણિક ટી નાગડા-૯૪૨૬૭૩૧૬૮૪, મહેશ કે નાગડા-૯૭૨૬૬૮૬૮૫૧, ચેતન એલ નાગડા-૯૮૨૦૧૦૫૦૭૮

# શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા મહિલા કેન્સર ચેકઅપ સેમિનાર

શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા મહિલા મંગલ મંચ કાર્યક્રમ અંતર્ગત PAP SMEAR કેન્સર ચેકઅપ સેમિનાર સહ મનોરંજન કાર્યક્રમ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે તા.૮ માર્ચ ૨૦૧૯ શુક્રવાર રોજ રોટરી ક્લબ જૈન દેરાસરની બાજુમાં, માનપાડા ક્રોસ રોડ, ડોંબિવલી(પૂર્વ) સ્થળે બપોરે ૩ કલાકથી રાત્રે ૮ કલાક દરમ્યાન આયોજીત કરાયેલ છે.

મહિલા મંગલ મંચના સભ્ય માટે રજીસ્ટ્રેશન ફી રૂા.૧૦૦ જ્યારે અન્ય મહિલાઓ માટે રૂા.૨૦૦ નોન રીફંડેબલ ચાર્જ રખાયા છે. આ ચેકઅપની મૂળ તપાસણી ફી રૂા.૧૨૦૦ છે. આ સેમિનારમાં નામ માત્ર ચાર્જથી તપાસણી કરાશે. ૩૫ વર્ષ અને તેથી વધુ વયની બહેનો આ ચેકઅપ કરાવી શકશે.

વધુ માટે કન્વીનર શ્રીમતી ભાવનાબેન ભરત મોમાયા - નલીયા - ૯૧૪૬૯૨૬૩૫૩, શ્રીમતી જીજ્ઞાબેન વિજય છેડા-સુજાપુર - ૯૩૨૨૧૦૮૭૬૮નો સંપર્ક કરવો.

# આધ્યાત્મયોગી ગુરૂદેવ ઉદયરત્ન સાગરજી મ.સા. તથા યુવા મુનિ ગુણવલ્લભ સાગરજી મ.સા.નું સૂરત નગરે ભવ્ય સામૈયું



જ્યોતિષાચાર્ય ગુરૂદેવ સર્વોદય સાગરજી મ.સા.ના આજ્ઞાવંત આધ્યાત્મયોગી ગુરૂદેવ ઉદયરત્ન સાગરજીનું મ.સા. તથા યુવામુનિ શ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા. આદિઠાણાનાં તા. ૨૮ ફેબ્રુઆરી ગુરૂવાર રોજે ગુજરાત રાજ્યના હૃદય સમાન સિલ્કસિટી કહેવાતા સૂરત નગરમાં પદાપર્ણ થતા સંઘ દ્વારા ભવ્ય સામૈયું કરાયું. વાજતે ગાજતે અને જૈન શાસનના જય જયકાર સાથે કળશધારી શ્રાવિકાઓ અને બહુ સંખ્યા શ્રાવકો આદર પૂર્વક સહભાગી થઈ ગુરૂદેવોના આગમને વધાવ્યો હતો.







**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# રાયપુર નગરમાં આગામી વર્ષીતપના પારણાના ચડાવા કરાયા

કર્ણાટક રાજ્યના રાયચુર નગર સંઘમાં પૂ. જગવલ્લભ સાગરજી મ.સા.ની નિશ્રામાં આગામી વર્ષીતપના પારણાના ચડાવા કરાયા.

આ ચડાવા કરતા પહેલા બેસવા માટે નવી જાજંમ બિછાવામાં આવેલ જેનો ચડાવો બે દિવસ અગાઉ થયેલ તે લાભાર્થીઓના રહેઠાણથી વાજતે ગાજતે શોભા યાત્રા ચર્તુવિધ સંઘ સાથે ઉપાશ્રયમાં પધારેલ અને સંઘના શ્રાવકો ઉત્સાહ પૂર્વક આસનગ્રહણ કર્યુ.












**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

# અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીમાં ચ્યવન કલ્યાણક પ્રસંગે અષ્ટોત્તરી અભિષેક







શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીના આંગણે શ્રી સુવિધિનાથ દાદાના ચ્યવન કલ્યાણક પ્રસંગે તા.૨૮ ફેબ્રુઆરી ગુરૂવારે સવારે ૭.૧૫ કલાકે અષ્ટોત્તરી અભિષેકનું આયોજન કરાયું. જેના વિધિકાર અમરીશભાઈ ઘાટકોપરવાળા હતા. સંપૂર્ણ અભિષેકના લાભાર્થી માતુશ્રી રાજુલબેન મણિલાલ દેઢિયા ગામ લાયજાવાળા પરિવાર હતા.

અભિષેકના લાભાર્થી પરિવાર તથા અભિષેકમાં સહભાગી થનાર સકળ સંઘના સૌ શ્રાવક, શ્રાવિકાઓ અને સૌ પુણ્યશાળી આત્મા જેમણે ખૂબ શાંતિ અને શિસ્તબધ્ધ રીતે અભિષેકનો લાભ લીધો એ સર્વે આત્માની ભૂરી ભૂરી અનુમોદના.

# અચલગચ્છ જૈન સંઘ ડોબિંવલીમાં ત્રિહાન્હિકા મહોત્સવમાં મહામંત્ર નવકાર ભાષ્ય જાપ





શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીની આંગણે તા. ૨૬ ફેબ્રુઆરી મંગળવાર રોજે સવારે ૭ કલાકે ત્રિહાન્હિમહોત્સવના પ્રથમ દિવસે નવકાર મહામંત્રના ભાષ્ય જાપ ખૂબ ઉલ્હાસ પૂર્વક રીતે થયા. જીગ્નેશભાઈ નાગડા અને સાથી કલાકારો દ્વારા સંપન્ન થયા.

સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ ભાષ્યજાપ અને બાદમાં નવકારશીનો લાભ લીધો. સંઘમાં ૧૫૦ થી વધુ અઠમના તપસ્વી છે. બોંતેર કલાકના અખંડ જાપ ચાલુ છે.









# મોટી ખાવડીમાં વિવિધ ઉપક્રમોના લાભાર્થીઓ

શ્રી ચંદ્રપ્રભુદાદા તથા શ્રી શંખેશ્વર દાદાની અમીષ્ટિ તથા ગુરૂમૈયા શ્રી મહાદેયશ્રીજી મ.સા.ના આશીર્વાદથી શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ મોટી ખાવડી ગામના ઉપાશ્રયના જીર્ણોધ્ધાર- નૂતનીકરણનો સંપૂર્ણ લાભ પરિવારના ચિ. ધવલની સ્મૃતિને કાયમી અંકબંધ રાખવા માતુશ્રી જયાબેન મોતી લાભ દેવજી લોડાયા પરિવારે લીધેલ છે. તો મહાજન વાડીના મુખ્ય પ્રવેશદ્વારના ઉદ્‌ઘાટનનો લાભ માતુશ્રી બાયાંબાઈ ગોવિંદજી લોડાયા પરિવાર, મહાજનવાડીના પહેલા માળના ઉદ્‌ઘાટનનો લાભ માતુશ્રી સરોજબેન માણેકજી લોડાયા પરિવાર તથા વેલબાઈ શામજી લોડાયા આ બંન્ને પરિવારોએ લીધેલ છે.

ભોજનશાળાના પ્રવેશદ્વારના ઉદ્‌ઘાટનનો લાભ માતુશ્રી ઝવેરબેન રતનશી લોડાયા પરિવારએ લીધેલ છે મહાજનવાડીના જીર્ણોધ્ધારમાં માતબર રકમનો અનમોલ દાન આપીને માતુશ્રી જયવંતીબેન ખીમજી લોડાયા પરિવારે લાભ લીધેલ છે.

# સુરત નગરે અધ્યાત્મ ઉત્સવ ૨૦૧૯ અંતર્ગત ૧૦૩મો મહામાંગલિક

ડાયમંડ અને સિલ્ક સીટી સુરત નગરમાં ગુરૂ ગુણ નંદન અધ્યાત્મયોગી ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને ગુરૂ સર્વોદય કૃપાવંત પ.પૂ.યુવા મુનિશ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા. દક્ષિણ ગુજરાતના ઉમરગામ, વાપી, વલસાડ, બીલીમોરા, નવસારી નગરે સુંદર અને ભવ્યતાથી ધર્મ જાગૃતિ લાવી છ-છ વર્ષોની સંઘ ભક્તોની ભાવભીની વિનંતી સ્વીકારી સૂરતી જનોના હૃદયમાં સ્થાપિત થયેલા પૂજ્ય ગુરૂ ભગવંતો શ્રીના મુખેથી ૧૦૩મો મહામાંગલિક બુધવાર તા.૬ માર્ચ ૨૦૧૯ સવારે ૬.૩૦ થી ૮.૩૦ કલાક સુધી રાજપુત સમાજવાડી ગંગા હોટલની બાજુમાં, પર્વત પાટીયા, સુરતમાં અદ્‌ભૂત અલૌકિક, આનંદ દાયક, રિધ્ધિ સિધ્ધિ, સમૃધ્ધિ પ્રદાયક, મહામંગલકારી મહાપ્રભાવશાળી રીતે ભણાવશે. લાભ સૌ ઉમંગથી લે એજ શ્રી અચલગચ્છ જૈન સંઘ ટ્રસ્ટ સૂરતની ભાવના.

## - વિનંતી -

**ચતુર્થ સંમેલનનો અહેવાલ તૈયાર થઈ રહેલ છે**

સમસ્ત મહાજનના ટ્રસ્ટી મહોદયો તથા સંમેલનમાં ક.દ.ઓ જ્ઞાતિરત્ન, કદઓ જ્ઞાતિભૂષણ અને કદઓ જ્ઞાતિગૌરવ ઈલ્કાબથી નવાજાયેલ સૌ જ્ઞાતિજનોને પોતાનો પાસપોર્ટ ફોટો સમસ્ત મહાજનોને પોતાનો પાસપોર્ટ ફોટો સમસ્ત મહાજનના કાર્યાલયમાં અથવા ઈ-મેલથી તુરંત મોકલવા વિનંતી છે.

**- રમેશ મોતા**

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સાંગલી નગરે નૂતન જિનાલયની પ્રથમ વર્ષગાંઠ નિમિતે ધ્વજા સમારોહ

સાંગલી નગર સંઘમાં શુક્રવાર તા.૧ માર્ચ ૨૦૧૯ના નૂતન જિનાલય ની પ્રથમ વર્ષગાંઠ નિમિતે ધજારોહણ સમારોહ વિધિકાર નરેન્દ્રભાઈ નંદુના સથવારે ઉજવાયો.







## જ્ઞાતિબાંધવના સહાય માટે નમ્ર અપીલ

લલીત કલ્યાણજી ડાઘા ઉ.વ .૩૮ ગામ સુથરી હાલે વર્ધમાનનગર-કચ્છ. લીવરની બિમારી હોતાં મુંબઇની જયુપીટર લાઇફ લાઇન હોસ્પીટલમાં છે. હાલે તાત્કાલિક ખર્ચ ૧૦ લાખ રૂપિયા છે. આપણી જ્ઞાતિનો આ યુવાન પોતાનાં પરિવારનો મુખ્ય આધારસ્થંભ છે.

લીવર ટ્રાન્સપ્લાન્ટ કરાવવું પડે તો બીજા ૧૫-૨૦ લાખનો ખર્ચ છે. આ યુવાનની મદદે આવવા સર્વે સમાજવાસીઓને અમારી નમ્ર અપીલ છે કે, આપણે સૌ પરિવારની મુશ્કેલીમાં સાથે રહી યોગ્ય અનુદાન આપીએ. જેથી લલીતભાઇની સારવાર ચાલુ રાખી શકાય.

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન શ્રી ભુજ
સંપર્ક સુત્ર - પ્રબોધ મુનવર-પ્રમુખ-૯૯૨૫૧૬૯૮૭૬
દિલીપ મોતા-ઉપપ્રમુખ-૭૭૭૭૯૯૮૨૭૨
ખુશાલ લોડાયા-ઉપપ્રમુખ-૯૪૨૯૮૨૧૧૪૯
હીરાચંદ છેડા-મંત્રી-૯૮૭૯૩૫૭૨૪૬
નિલેશ મોમાયા-સહમંત્રી-૯૮૨૫૮૩૭૨૨૫
આવેલ અનુદાનની વિગત
૫૧૦૦ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-ભુજ
૫૧૦૦ જયાબેન પ્રબોધ મુનવર-વર્ધમાનનગર


જ્ઞાતિમૈયા માં
આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો
Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org
અથવા વોટસએપ પર મોકલો
9769991922
9820302853
9322257731

# કચ્છની મોટી પંચતીર્થીમાં શાંતિ સ્નાત્રની ભવ્ય ઉજવણી





કચ્છની મોટી પંચતીર્થીના નલિયા, તેરા, કોઠારા, સુથરી અને જખૌ નગરે શાંતિ સ્નાત્રની ભવ્ય ઉજવણી તા. ૨૪ ફેબ્રુઆરી રવિવાર વિશ્વની શાંતિ અને કલ્યાણ અર્થે સકળ સંઘની ઉપસ્થિતિમાં ભવ્યાતિભવ્ય શાંતિ સ્નાત્રની ઉજવણી સંગીતના સથવારે થઈ હતી. શાંતિ સ્નાત્રના લાભાર્થી માતુશ્રી તારામતી લહેરચંદ શિવજી નાગડા પરિવાર-નલિયા-ઘાટકોપર-રહ્યાં હતા.







# કચ્છની મોટી પંચતીર્થીમાં શાંતિ સ્નાત્રની ભવ્ય ઉજવણી







સાથે સાથે મુંબઈના ઘાટકોપર અનંતનાથજી જૈન દેરાસરમાં પણ એ જ દિવસે અને સમયે શાંતિ સ્નાત્ર પર્વ ઉજવાયો હતો. ભાવિકગણ ભાવથી શાંતિ સ્નાત્રની તલ્લીનતાથી ઉજવણી કરી ધન્યતા અનુભવી હતી અને એક અવિસ્મરણીય યાદગાર રીતે આ કાર્યક્રમ માણ્યો હતો.









# મુલુંડમાં પ્રથમવાર ફેક્ટરી આઉટલેટ શોરૂમ

## નવા કલેશન પર 10 % ડિસ્કાઉન્ટ



## અશ્વ એથનિક્સ

પ્રસંગ પરિધાનનું મથક

શેરવાની • કુર્તા • જેકેટ્સ • સુટ

સગાઇ, લગ્ન પ્રસંગ જેમજ પાર્ટી અને વિવિધ પ્રસંગોને અનુરૂપ આપને ગમતી ડિઝાઇન, કલર પસંદગી સાથે આપનો નિખારતું

પુરૂષોની પ્રથમ પસંદગી

ગ્રાહકની ઇચ્છા માંગ અને જરૂરિઆત અનુરૂપ પૌરૂષત્વને નિખારતું પરિધાન એકવારની મુલાકાત-સદાયનો થશે સંગાથ

વિશિષ્ટતા
કસ્ટમાઇઝડ
ડિઝાઇન

**ફેક્ટરી આઉટલેટ**

૧૫ સી, શાંતિ ઇન્ડસ્ટ્રીઝ,
સરોજીની નાયડુ રોડ, તાંબેનગર, મુલુંડ (વેસ્ટ)

સમય : સવારે ૧૧.૩૦ થી ૮.૦૦ (ગુરૂવારે બંધ)

વધુ વિગત માટે સંપર્ક

**Call : 8169873626**

**ખાસ વિશિષ્ટતા-ચુડીદાર સુટ, શેરવાની સુટ અને ધોતી સુટ, સ્પે. રાજનીતિ મોદી સુટ**

# ચાલીસગામ દેરાસરમાં ફૂલોનું ભવ્ય ડેકોરેશન કરાયું



ચાલીસ ગામ સંઘ દ્વારા પદ્મપ્રભ સ્વામી દેરાસરનું સુશોભન તાજા ફૂલોથી ભવ્ય રીતે કરાયું. આ સુશોભિત-સુગંધીત શણગારના દર્શનનો લાભ સંઘના શ્રાવકોઓ લઈ પ્રસન્ન થયા હતા.


## જ્ઞાતિમૈયાના જૂના અંકો જોવા-વાંચવા માટે જુઓ

## www.kdosamastamahajan.org



આમાં છેલ્લામાં છેલ્લો અંક ઉપરાંત
અગાઉના બધા અંક જોવા-વાંચવા મળશે
પીડીએફ નકલ ડાઉનલોડ કરી
પ્રિન્ટ હાથ વગી કરી શકશો

# હૈદ્રાબાદમાં શહીદોની સ્મૃતિમાં વૃક્ષારોપણ કરાયું

ગુજરાતી પ્રગતિ સમાજના નવયુવક મંડળ દ્વારા મહિલા પુરૂષો અને બાળકોના સહભાગથી તા. ૨૪ ફેબ્રુઆરી રવિવાર સવારે ૯ કલાકે એક પૌધા શહીદકે નામનો કાર્યક્રમ યોજાયો. જેમાં પુલવામામાં શહીદ થયેલ સૈન્ય જવાનોની માનાર્થે એક એક વૃક્ષોના રોપ વાવીને પર્યાવરણ રક્ષાનો સાથે સંદેશો આપ્યો. કાર્યક્રમનું સંચાલન મનીષા દીપક લોડાયા તેરાવાળાએ કરેલ. વિવિધ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહી સહયોગ આપી શહીદોની માનવંદના કરી હતી.





## બે ગચ્છના મહાસંતોનું મહામિલન થયું

તા. ૨૪ ફેબ્રુઆરી રવિવારના મરોલી ગામમાં બે ગચ્છોના મહાસંતોનું અદ્‌ભૂત મહામિલન થયું. અચલગચ્છના પૂ. ગુરૂદેવ શ્રી ઉદયરત્ન સાગરજી મ.સા. અને ખતર ગચ્છના સંત શ્રી મનોરી સાગરજી મ.સા.નું ભવ્ય અને અદ્‌ભૂત મંગલ મિલન થયું. આ મિલનમાં પરસ્પર આત્મીય મૈત્રી ભાવ ભવ્ય દર્શન પ્રદાન થયું.




# સુજાપુર નગરે ૧૩૭મો ધ્વજા મહોત્સવ ઉજવાયો

અજિતનાથ જિનાલયે, સુજાપુર-કચ્છ મધ્યે મહા સુદ ૬ ને તા.૧૦.૨.૨૦૧૯ રવિવારે વહેલી સવારે વિવિધ સ્થળોથી પધારેલ ગામવાસીઓ તથા આમંત્રિતોની પધરામણીએ હૃદયની ઉલ્લાસમય ઊર્મિઓએ આયોજેલ શ્રી અજિતનાથ દાદા જિનાલયની ૧૩૭ મી ધ્વજા મહોત્સવે સર્વે ભાવિકોની સાથે પ.પૂ.મુનિશ્રી મુક્તિરત્ન સાગરની નિશ્રામાં તથા વિધિકાર શ્રી કેવલભાઈ સાવલા તેમજ કચ્છના પ્રખ્યાત ગાયક શ્રી કિશોરભાઈ સાંગાર તથા સાથી સંગીતકારોની સથવારે ૧૮ અભિષેક સહ સત્તરભેદી પૂજા અને હર્ષોલ્લાસથી ધ્વજાના લાભાર્થી માતુશ્રી મણીબેન વર્ધમાન શામજી ખોના,સુજાપુર-પવઈ પરિવાર દ્વારા ૧૩૭મી ધ્વજા લહેરાવવામાં આવેલ.

સંપૂર્ણ દિવસના સાધર્મિક ભક્તિના લાભાર્થી શા હંસકુમાર શામજી દંડ,સુથરી-મૂલુંડ હસ્તે વૃષભ-નિકિતા જયમન ખોના, સુજાપુર-પવઈ પરિવાર, પ્રભુજીના ગર્ભ ગૃહની વિવિધ ફૂલોથી-સ્વદ્રવ્ય દ્વારા નયનરમ્ય સજાવટની માનદ પ્રભુસેવા સૌજન્ય અ. સૌ.ભદ્રાબેન લહેરચંદ દંડ,પરજાઉવાળા તરફથી તેમજ કાર્યક્રમ માટે મંડપ-સજાવટ માતુશ્રી ખેતબાઈ લખમશી મોતા પરિવાર,નલિયા મે. શાહ મંડપ ડેકોરેટર્સ દ્વારા સૌજન્ય પ્રાપ્ત થયેલ. દર વર્ષની જેમ અન્ય ખર્ચ શ્રી હિરાચંદ વિશનજી શાહ,હંસકુમાર લક્ષ્મીચંદ છેડા તથા લેરીન વર્ધમાન ખોના દ્વારા પ્રાપ્ત થયેલ. કચ્છ-સુજાપુર અજિતનાથ જૈન દેરાસર ટ્રસ્ટ દ્વારા ધ્વજા પ્રસંગે પધારેલ સર્વે જ્ઞાતિજનો,ગામવાસીઓ તથા સકળ લાભાર્થી પરિવારોની ભૂરી ભૂરી અનુમોદના.




# સગપણ સેતુ



શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-જ્ઞાતિમૈયાના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળે એ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિના સહકાર સહયોગથી સગપણ સેતુ નામથી વિભાગ શરૂ કરેલ છે.

આસુવિધાનોલાભલેવાજ્ઞાતિજનોપોતાનોસંપૂર્ણબાયોડેટા-ફોટાસાથે કન્વીનર મનીષા લાલકા(૯૮૨૦૫૪૫૭૩૪), જલ્પા લોડાયા(૯૮૬૭૬૧૫૯૧૩), જસ્મીન સાયલા, જસ્મીન ધુલ્લા. કલ્પેશ લોડાયા, હિતેશ નાગડા, રિતેશ ખોના, પ્રગ્નેશ નાગડા, વર્ષા લોડાયાનો સંપર્ક કરવો.

**Name: DHEER HITENDRA GOSAR**



D.O.B: 30Th October 1992.

Birth Time: 04:46 Pm.

Birth Place: Ballari, Karanataka.

Height: 5.9

Weight: 80Kgs.

Manglik: No.

Native Place: Baroi, Kutchh.

Hobby: Playing Cricket, Listening Music, Trekking, Etc.

Qualification: B.a. [Sociology, History, Economics]

Occupation: Senior Operating Analyst.

Annual Income : 3 Lakhs P.A.

Father's Name : Hitendra Bhavanji Gosar

Mother's Name : Asha Hitendra Gosar

Dadana : Champabai Bhavanji Gosar

Nanana : Bachhibai Meghji Maisheri [Jhakau]

Brother's Name : Smeet Hitendra Gosar

Email : Dheergoshar@gmail.com

Address : 1B, Snehadeep Bldg, 503, 5Th Floor, Behind Chunabhatti Police Station, Devratna Nagar, Chunabhatti East, Mumbai: 400022.

Mob: +91-8097511293 [Personal]

Mob: +91-9324106060, +91-8097940094, +91-9029092166 [Parents]

Vastipatrak No: BRGS0800202

**Gyatimaiya KDO Mahajan Code No. B-20**

**Name: Dipeeka Vinod Gosar**



Date of Birth : 26/09/1988

Birth Place : Nanded

Native Place : Baroi

Height : 5'6"

Education : M.Com, P.G.Diploma In Jewellery

Profession : Jewellery Designer

Residential Address :

104, Silverline CHS Ltd., R.G. Gadkari Road, Dombivli (E) - 421201.

**Family :**

Father : Vinod Premji Gosar

Mother : Geeta Vinod Gosar

Brother : Abhishek Vinod Gosar

Contact No : Geeta Vinod Gosar

7666502065 / 9920997966

Email : gosar.dipika@gmail.com

**Gyatimaiya KDO Mahajan Code No. G-21**

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

# પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા વાર્ષિક અનાજ-મસાલા વિતરણ

પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા આગામી ગુરૂવાર તા.૨૮ માર્ચ તથા શુક્રવાર તા.૨૯ માર્ચ ૨૦૧૯ના રોજ છેલ્લા બે દાયકાથી કરાતાં વાર્ષિક રીતે અનાજ તથા મસાલા વિતરણ પ્રકલ્પનું આ વર્ષે પરમ કેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (પશ્ચિમ) ખાતે બન્ને દિવસે સવારના ૧૦ થી સાંજે ૬.૩૦ કલાક સુધી દરમ્યાનમાં કરવામાં આવ્યું છે. શ્રી લખ-લક્ષ્મી લુઠીયા વિવિધ લક્ષી જન સહાય ફંડની પ્રેરણાથી આ ઉપક્રમમાં કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિની મહિલા સાહસિકો દ્વારા બારેય માસ ભરવા યોગ્ય શુધ્ધ અનાજ, મસાલા, સુકવણી અને હાથે બનાવેલી ખાદ્ય વસ્તુઓ હોલસેલ ભાવે અપાશે. ખરીદી કરેલ વસ્તુઓ લઈ જવા થેલી-થેલા સાથે જરૂરથી લાવવા વિનંતી.

# ભાંડુપ ખાતે મહાકાળી માતાજીની ભાવના ભણાવાઈ

શ્રી મહાકાળી માતાજીની ભાવના સુવિધિનાથ જિનાલયમાં ખુબજ ધામધૂમથી શ્રી અનંત મિત્ર મંડળ, ભાંડુપ દ્વારા ભણાવવામાં આવેલ જેમાં સારી સંખ્યામાં ભાવિકોની હાજરી હતી. આરતીનો લાભ શ્રી દિનેશભાઈ દોશી પરિવારે રૂપિયા ૭૯૭૯માં લીધેલ તથા અનુમોદના ટ્રસ્ટીઓ અને સંઘના અધિકારીઓ તરફથી કરવામાં આવેલ.











# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કેન્દ્ર અને રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના પરિપત્ર મુજબ વિદ્યાર્થીઓના વજનના ૧૦ ટકા પ્રમાણે સ્કૂલબેગનું વજન હોવું જોઈએ તે ગાઈડલાઈન મુજબ શિક્ષણતંત્ર દ્વારા જિલ્લાની ૧૨ જેટલી ખાનગી પ્રાથમિક, માધ્યમિક શાળાઓમાં આકસ્મિક ચેકિંગ હાથ ધરાતાં ૫૦૦ જેટલા બાળકોના દફતરનું વજન તપાસતા બાળકોના દફતરનું વજન સરકારની ગાઈડલાઈન કરતા વધુ માલૂમ પડ્યું હતું.

● ભચાઉની સી.એચ.સી. ખાતે તાલુકા આરોગ્ય કચેરી દ્વારા સગર્ભા મહિલાઓની આરોગ્ય તપાસણી કેમ્પ યોજાયો. જેમાં તાલુકાની ૨૬૭ સગર્ભા મહિલાઓની આરોગ્ય તપાસણી કરી લેબોરેટરીમાં લોહી સુગર, પેશાબનું પરીક્ષણ કરાયું તથા સોનોગ્રાફી કરાઈ થેલેસેમિયા ટેસ્ટ માટે ૧૧૧ બ્લડ સેમ્પલ લેવાયા હતા. તમામને પોષ્ટિક ખોરાક માટે સરગવા, ચણા, લીલા શાકભાજી, દૂધ વિગેરે સમયસર લેવા સમજણ આપી આર્યન ફોલિક એસિડ ગોળી અને કેલ્શિયમની ગોળી નિયમિત લેવા અનુરોધ કરાયો હતો.

● માંડવી તાલુકાના નાની રાયણ ગામમાં ખેતીવાડી કે ખેતમજૂરી કરતાં ૫૫૦ થી ૬૦૦ માણસો વસે છે. પણ પાંચ હજાર વર્ષ પૂર્વે માનવ વસવાટ હોવાના પુરાવા મળ્યા છે. અહીંના રિવરપોર્ટથી ૨.૨૧ કરોડ ડોલરનો માલ યુરોપ જતો હોવાનું પ્લીની નામક સંશોધકે નોંધ્યું છે.

● વાગડમાં બાદરગઢ પાસેના વિથરોઈયા ડુંગરની ટેકરીઓ સાધનાની ભૂમિ છે. અહીંના શ્યામગિરિ મહાત્મા થોડા દિવસ અગાઉ બ્રહ્મલીન થયા. તેઓ ધોરેશ્વર મહાદેવના સ્થાનમાં ભજન આનંદ સાથે જીવતા. છેલ્લે છેલ્લે તેઓ બીમાર રહ્યાં. એમનો સાથી હરિયા નામનો શ્વાન સદાય તેમની સાથે રહે. સેવકો મહાત્માને દવાખાને લઈ જવા લાગ્યા ત્યારે હરિયો ગાડી આડો ઊભો રહી ગયો. મહાત્મા કહે હરિયાને ભેગો લઈ લો. મહાત્માનો જગત છોડવાનો સમય નજીક આવ્યો. શિવ શિવ જપતાં મહાત્મા હરિયાના કપાળે હાથ મૂકી શ્વાસ છોડ્યા. મહાત્માને સમાધિ અપાઈ. હરિયો બાર દિવસ સુધી લાંઘણ કાઢ્યા મોઢામાં એક બટકું ન મૂક્યું. સૌ સેવકો અને સંતોએ પોતાના હાથે માંડ માંડ પારણા કરાવ્યા. આજે પણ મહાત્માના ધૂણાએ હરિયો શ્યામ ગિરિને શોધે છે.

● ભુજમાં શિવપારસ સામે ગુજરાતના છઠ્ઠા અને કચ્છના પ્રથમ 'અક્ષય પાત્ર' કેન્દ્ર તળે કચ્છના ૫૦ હજાર બાળકોને ગરમા ગરમ પૌષ્ટિક આહાર વિના મૂલ્ય જમાડાશે. દેશનું કોઈ પણ બાળક કુપોષણના કારણે શિક્ષણથી વંચિત ન રહે તેવા ઉમદા લક્ષ્ય સાથેના અભિયાનમાં કચ્છ પણ જોડાશે. મૂળ માંડવીના અને અત્યારે કેનેડાસ્થિત સર્વ મંગલ ફેમિલી ટ્રસ્ટના સ્થાપક મનુ શાહ અને રિકા શાહએ ભુજ બાદ આવતા વર્ષથી મુંદરા અને માંડવીમાં શરૂ થનારા આ અક્ષય પાત્ર કેન્દ્ર માટે ૧૦ લાખ ડોલરનું માતબર દાન આપ્યું છે.

● દોઢ દાયકાથી વધુ વર્ષોથી ગાંધીધામ યુથ સર્કલ દ્વારા આ વર્ષે ૧૩૮મી યાત્રાનો લાભ વડીલોએ ગાંધીધામથી સુંઢા માતા (ભીનમાલ રાજસ્થાન) સુધીનો પ્રાપ્ત કર્યો હતો. સોળ વર્ષ દરમ્યાન હજારો વડીલોએ આ સંસ્થા દ્વારા યાત્રા કરી છે.

● ઓરિસાના કટકમાં યોજાયેલ ઈન્ટરનેશનલ મ્યૂઝિક એન્ડ ડાન્સ ફેસ્ટિવલમાં ભૂજની કથ્થક નર્તકી કૃપલ સોમપુરાને કથ્થકની પ્રસ્તુતિ માટે ''નૃત્ય શિરોમણિ''નો એવાર્ડ એનાયત થયો હતો. કૃપલ હાલમાં કલાક્ષેત્રના માધ્યમથી ભુજ, મુંદરા, ગાંધીધામ અને માધાપર ખાતે કથ્થકનું પ્રશિક્ષણ આપી રહી છે. આ અગાઉ તેને 'ડોટર ઓફ ગુજરાત, બ્રહ્મગૌરવ એવોર્ડ' તથા ગુરૂ ગૌરવ એવોર્ડ મેળવ્યા છે.

# વેરાવળના જ્ઞાતિ અગ્રણીની કાર્યસૂઝથી બેંકને એવોર્ડ મળ્યો






શ્રી નવીનભાઈ હીરજીભાઈ દંડ ગામ લાલા હાલ વેરાવળ અત્રે વેરાવળ (ગીર સોમનાથ) શહેરમાં આપણી જ્ઞાતિના ફક્ત ત્રણ કુટુંબો વસે છે તે પૈકી શ્રી નવીનભાઈ હીરજીભાઈ દંડ એ વેરાવળ શહેરને પોતાનું કર્મક્ષેત્ર બનાવી અનેક સેવાકીય કાર્યો કરે છે. તેઓ શ્રી અનેકવિધ ધાર્મિક તથા સામાજિક સંસ્થાઓમાં જોડાયેલ છે અત્રેના શ્રી સંઘના લગભગ ૩૦ વર્ષથી પ્રમુખ છે. કોલેજ, પાંજરાપોળ તથા બીજી અનેક ધાર્મિક સંસ્થાઓમાં ટ્રસ્ટી છે. અત્રેની ૫૦ વર્ષ કરતા વધારે જૂની પાંજરાપોળ ની કાયાપલટ કરી સુંદર તથા ગૌવંશ માટે સગવડતા સભર બનાવેલ છે તેઓ અત્રે ના શાંતિનાથ જીનાલય તથા શાંતિનાથજી યાત્રિક ભવનના મુખ્ય ટ્રસ્ટી છે.

વિશેષમાં તેઓશ્રી અત્રેની અગ્રણી બેંક 'ધી વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપરેટિવ બેન્ક લિમિટેડ' માં ઘણા વર્ષોથી હોદેદાર છે. તેઓની આગેવાની હેઠળ બેંકની અકલ્પનીય પ્રગતિ થયેલ છે. ગયા બે વર્ષ માં ચાર નવી શાખાઓ ખોલેલ છે તથા રાષ્ટ્રીય કક્ષાએ પ્રતિષ્ઠિત બેન્કો blue ribbon એવોર્ડ બેંક ને હાલ મળેલ છે. જે તેઓની આગવી સૂઝ ને આભારી છે. તેઓ શહેરમાં એક આગવી ઓળખ ધરાવે છે, જ્ઞાતિ માટે ખરેખર ગૌરવપુર્ણ બાબત છે.

## જીવન ઘટમાળ

**• મરણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨-૦૨-૨૦૧૯ | કર્ણાટક | પદ્માવતી જયેશ ખોના | ખાવડી મોટી | ૪૮ |
| ૨૬-૦૨-૨૦૧૯ | બેંગલોર | ધનલક્ષ્મી નરેન્દ્ર લાપસીયા | દલતુંગી | ૬૭ |
| ૨૬-૦૨-૨૦૧૯ | ગોરેગામ (પ) | પ્રીતિબેન પ્રવીણ મોતા | કુઆપધર | ૬૪ |
| ૨૭-૦૨-૨૦૯ | સેંધવા | સુશીલ પદમશી ગોસર | ગોએરસમા | ૬૪ |
| ૨૮-૦૨-૨૦૧૯ | સોલાપુર | મણિલાલ ડુંગરશી લોડાયા | કોઠારા | ૮૪ |
| ૦૧-૦૩-૨૦૧૯ | નાગુપર | હરીશ પદમશી લોડાયા | નલીયા | ૬૬ |
| ૦૨-૦૩-૨૦૧૯ | રાયપુર | રતનબેન શરદ મોમાયા | વરાડીયા | ૬૮ |

# DONATION NEEDED!

## Shree KDO Samast Mahajan, Sanjivani Initiative

### Let us Help Mr. Hanskumar to walk again!

KDO

CASE-2

Mr. Hanskumar Khona, (Moti Khavdi, Kutchh), Dombivli Resident, age 46, is taking treatment in concessional wing of Jupiter Hospital, Thane for TB which further affected his spine since last 2 months. He can't even walk few steps or sit now and he needs the Spine Surgery (Multilevel Decompression Stabilization Surgery) urgently. He is the sole bread earner of the family. Since last eight months he is not on Job and wife needs to be at home to look after him. At present, family survives on the help of relatives.

As per doctors he can lead normal life if he undergoes spine surgery immediately. He urgently needs our help to undergo this surgery.

Cost of his Surgery is around Rs. 3.5 Lacs. We have received donations for 2 Lacs so far.

A humble request to support our community member during his difficult time!



Incase of Online / Mobile Payment/Any Query Contact:
Mr. Ramesh Mota: 98196 55259
Mr. Bharat Meisheri: 98200 58048

On behalf of
Shree KDO Samast Mahajan Medical Team
Email: mahajansamast@gmail.com

ECS details of Jupiter Life Line Hospitals Ltd. are as follows.

| | |
|---|---|
| Beneficiary Name: | JUPITER LIFELINE HOSPITALS LTD. |
| Account No. | : 911030058644223 |
| Bank Name | : AXIS BANK LTD. |
| IFSC Code | : UTIB0000061 (UTIB ZERO ZERO ZERO ZERO ZERO SIX ONE) |
| Patient Ref | : Mr. Hanskumar Khona (MR NO: 441736) |

# NOW SAVE UPTO 99%#
# ON PREMIUM OF YOUR COMMERCIAL VEHICLES*
## (ZERO DEP COVER ALSO AVAILABLE)



# VALID TILL 31/03/2019

* T&C APPLY

insurancekhoj.com™

the ultimate stop for insurance ™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

**karani**

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL


KDO Gyatimaiya Weekly E-magazine KDO